### અમદાવાદ મહાપાલિકાની ચૂંટણીમાં મુસ્લિમ મતો એકતરફી રહ્યા તો AIMIMનો સફાયો થઈ ગયો પરંતુ સુરતમાં

# મુસ્લિમ મતો કપાતા કોંગ્રેસને 1 જ બેઠક મળી

**સુરતમાં** મુસ્લિમ મતો કોંગ્રેસ ઉપરાંત આપ, AIMIM અને સમાજવાદી પાર્ટી વચ્ચે વહેંચાઇ ગયા

**જો સુરતમાં** મુસ્લિમ મતો એકતરફી રહ્યા હોત તો તે પક્ષને 15થી 20 વધુ બેઠક મળી હોત

સુરતઃ જેવું અમદાવાદમાં થયું તેવું વોટિંગ જો સુરતમાં પણ મુસ્લિમો દ્વારા કરવામાં આવ્યું હોત તો સુરતમાં કોંગ્રેસની બેઠકો વધી હોત. મુસ્લિમોના મતદાનને કારણે કોંગ્રેસે અમદાવાદમાં ગત વખતની 25 બેઠકની સામે 32 બેઠક જીતી હતી. જ્યારે AIMIMનો સફાયો થઈ ગયો હતો. પરંતુ સુરતમાં કોંગ્રેસ માત્ર એક જ બેઠક જીતી શકી હતી. જો સુરતમાં પણ અમદાવાદવાળી થઈ હોત તો સુરતમાં પણ ભાજપે આશરે 15થી 20બેઠક ગુમાવવી પડી હોત.

2021ની ચૂંટણીમાં અમદાવાદમાં ભાજપ, કોંગ્રેસની સાથે સાથે અસદુદ્દીન ઓવૈસીની પાર્ટી AIMIMએ પણ ઝંપલાવ્યું હતું. જેને કારણે મુસ્લિમ મતો વહેંચાઈ ગયા હતા. જેને કારણે 192 પૈકી કોંગ્રેસને 25 અને AIMIMને 7 બેઠક મળી હતી. આ વખતે પણ AIMIMએ પોતાના ઉમેદવારોને ઉભા રાખ્યા હતા પરંતુ મુસ્લિમ મતદારો એક તરફ જ રહેતા કોંગ્રેસે ગત વખતની AIMIMની 7 બેઠકો પણ પચાવી પાડી હતી. કોંગ્રેસે અમદાવાદમાં ભાજપનો ગઢ મનાતો ખાડિયા વોર્ડ પણ કબજે કરી લીધો હતો અને કુલ 32 બેઠકો પોતાના ખાતામાં જોડી હતી.

સુરતમાં પણ નાણાવટ-મહિધરપુરા, આંજણા-ડુંભાલ, લિંબાયત-ઉધના યાર્ડ સહિતના વિસ્તારોમાં મોટાપાયે મુસ્લિમ મતદારો છે. જોકે, સુરતમાં ગત વખતે પણ મુસ્લિમ મતો વહેંચાયેલા રહ્યા હતા અને આ વખતે પણ મુસ્લિમ મતો વહેંચાયેલા જ રહ્યા. જેનું પરિણામ એ આવ્યું કે, AIMIMના ઉમેદવારોને સરેરાશ પાંચથી દસ હજાર મતો મળ્યા. આ ઉપરાંત આપ અને સમાજવાદી પાર્ટીને પણ મુસ્લિમ મતો મળ્યા. પરિણામે આપ કે કોંગ્રેસ કે સમાજવાદી પાર્ટી કે AIMIM, કોઈના ઉમેદવારો જીત્યા નહીં. એકમાત્ર કોંગ્રેસના મુસ્લિમ ઉમેદવાર ચૂંટણી જીત્યા હતા.

## ચાર વોર્ડમાં વિપક્ષી મતો વહેંચાતાં ભાજપે 16 બેઠક વધુ કબજે કરી

**વોર્ડ** નં. 12, 16, 25, 28માં કોંગ્રેસ, આપ સહિતના વિપક્ષી કુલ મતો ભાજપ કરતાં વધુ છે

સુરતઃ આંકડાકીય દૃષ્ટિએ જોતાં સુરતમાં વિરોધ પક્ષોના મતો છૂટાછવાયા પડવાને કારણે ભાજપને સીધો ફાયદો થયો છે અને તેઓ સહેલાઈથી બેઠકો અંકે કરવામાં સફળ રહ્યા છે. વોર્ડવાર વિશ્લેષણ કરીએ તો, વોર્ડ નં.25 લિંબાયત-ઉધનામાં વિપક્ષી પાર્ટીઓ જેવી કે આપ, કોંગ્રેસ અને ઓલ ઈન્ડિયા પાર્ટીના મતોનો કુલ સરવાળો 19,743 થાય છે, જેની સામે વિજેતા ભાજપના ઉમેદવારને માત્ર 14,266 મતો મળ્યા છે. તેવી જ રીતે વોર્ડ નં.28 પાંડેસરા-ભેસ્તાનમાં પણ આ જ સ્થિતિ જોવા મળી છે. અહીં વિપક્ષી સભ્યોના કુલ મત 19,912 થાય છે, જ્યારે ભાજપના ઉમેદવાર 15,034 મત સાથે વિજયી બન્યા છે. આ જ રીતે વોર્ડ નં.16 પુણા (પશ્ચિમ)માં આમ આપ અને કોંગ્રેસના મતો આમ આદમી પાર્ટીના મતો કરતાં વધુ છે. પરંતુ કોંગ્રેસના કારણે ભાજપ જીતી ગયો તો વોર્ડ નં.12માં કોંગ્રેસ અને આપના મતનો સરવાળો વધુ છે, જેમાં ભાજપ ત્રણ બેઠક અને કોંગ્રેસ જીતી એ એક બેઠક પર ભાજપ અને આપના મતોનો સરવાળો કોંગ્રેસ કરતાં વધુ છે.

### આશરે 1000 કરોડનાં બજેટ પર ભાજપનો એકહથ્થુ કબજો રહેશે

## SMCમાં હારને પગલે શિક્ષણ સમિતિમાં વિપક્ષ જ નહીં હોય!

સુરત મહાનગર પાલિકામાં તો ભાજપે 115 બેઠકો જીતીને સપાટો બોલાવ્યો પરંતુ તેની અસર એવી થશે કે હવે મનપા સંચાલિત શિક્ષણ સમિતીમાં વિપક્ષ નહીં હોય. આશરે રૂ. ૧ હજાર કરોડના બજેટ ધરાવતી આ સમિતિ શહેરની પ્રાથમિક શિક્ષણ વ્યવસ્થામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પ્રાથમિક માહિતી મુજબ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં કુલ ૧૫ સભ્યોની નિમણૂંક થાય છે. તેમાં સામાન્ય કેટેગરીમાંથી ૯ સભ્યો, અનામત કેટેગરીમાંથી ૩ સભ્યો તથા અન્ય ૩ સભ્યો સરકાર નિયુક્ત હોય છે. સરકાર નિયુક્ત ત્રણ સભ્યોમાં બે રાજકીય નિમણૂંકથી આવે છે, જ્યારે એક સભ્ય સરકારી કચેરીમાંથી અધિકારી તરીકે સામેલ થાય છે. મંગળવારે જાહેર થયેલા મનપા ચૂંટણી પરિણામોમાં ભાજપ સામે આમ આદમી પાર્ટીની ચાર અને કોંગ્રેસની એક બેઠક જ આવતા સંખ્યાબળના આધારે શિક્ષણ સમિતિમાં પણ ભાજપનો પ્રભુત્વ સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. પાંચ વર્ષ સુધી ભાજપનું જ પ્રભુત્વ રહેશે.

### ડાયેટિશિયન પત્ની શિલ્પા સાલ્વેનો હત્યા કેસ

## લાશની દુર્ગંધ છુપાવવા પતિએ 3 હજારનો મોંઘો સ્પ્રે ખરીદ્યો હતો

**પતિ** વિશાલે ફેંકી દીધેલો પત્નીની મોબાઈલ હજુ પોલીસ શોધી શકી નથી

સુરતઃ શિલ્પા'સ ક્લિનિકની ડાયેટિશિયન શિલ્પા સાલ્વેની હત્યા કરનાર પતિ વિશાલ સાલ્વેને પોલીસે પકડી કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટમાંથી પોલીસે 3 દિવસના રિમાન્ડ મેળવી પત્નીના કપડા રિકવરી કરી અને સ્પ્રે જ્યાંથી ખરીદ્યો તેની જાણકારી મેળવી લીધી છે. પરંતુ પત્નીની મોબાઈલ હજુ પોલીસ શોધી શકી નથી.

રવિવારે સવારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ઉત્સાહમાં જાગેલા શહેરીજનોએ શિલ્પા સાલ્વેની થાતકી હત્યાએ ચોંકાવ્યા હતા. ગોડાદરા, રાજ હેરિટેજમાં રહેતી શિલ્પા સાલ્વે ગત ૨૦મીએ સવારે પતિ સાથે સ્મીમેર હોસ્પિટલમાં જવા નીકળ્યા બાદ રહસ્યમય રીતે ગુમ હતી. ૩૯ વર્ષીય શિલ્પાની નગ્ન ડેડબોડી રૂમમાં પડેલી એક લાકડાની ખુલ્લી પેટીમાં હતી. તેની ઉપર સિમેન્ટ ભરી દઈ ચણી દેવાની કોશિશ કરવામાં આવી હતી, પરંતુ પાણીના અભાવે તે બોડી કોંક્રિટ સાથે મેલ્ટ થઈ ન હતી, પરંતુ પાંચ દિવસ સુધી ડેડબોડી પડી રહેવાને કારણે ડી-કમ્પોઝ થઈ દુર્ગંધ મારવા લાગી હતી. ઇન્સ્પેક્ટર આર.એ. જાડેજા સહિતની ટીમે ડેડબોડીને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેરમાં ખસેડવાની સાથે જ શિલ્પાના પતિ વિશાલને જ હત્યાના આરોપમાં ઊંચક્યો હતો. આ શખ્સ ત્રણ દિવસથી પત્નીને શોધવાનું નાટક કરી રહ્યો હતો. શનિવારે પત્નીની હત્યા કર્યાની ચિઠ્ઠી લખી ગાયબ થઇ ગયો હતો. તે પણ આત્મહત્યા કરી લેશે તેવા ડર વચ્ચે પોલીસે તેને ગ્રામ્ય વિસ્તારમાંથી ટ્રેસ કરી દબોચી લીધો હતો.બાદમાં તેને કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવી પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી શરૂ કરી હતી. પતિએ પત્નીના કપડા કાઢી ઘરની બાજુની ગલીમાં કપડા નાખ્યા હતા તે રિકવરી કરી લીધા છે.

સ્પ્રે જે દુકાન માંથી લાવ્યો હતો તે જાણી દુકાનદારની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે તેણે દુકાનદારને 24 કલાક સુધી સ્પ્રેની અસર રહે તેવો મોંઘો સ્પ્રે માંગ્યો હતો. તે સ્પ્રે તેણે 3 હજારમાં ખરીદ્યો હતો. હત્યા બાદ પત્નીનો મોબાઈલ ઘરની ડ્રેનેજમાં નાંખી દીધો હોવાથી પોલીસ હજુ સુધી પત્નીનો મોબાઈલ રિકવર કરી શકી નથી મોબાઈલની શોધખોળ ચાલુ રાખી છે.

## રેલવેનાં મેડિકલ ઓફિસરની જાતીય સતામણી કેસમાં રાજસ્થાનના આરોપીને ૧૮ મહિનાની સજા

સુરતઃ ભોગ બનનાર વર્ષ-૨૦૧૫થી ૨૦૧૭ દરમિયાન મેડિકલ ઓફિસર તરીકે કામ કરતાં હતાં. ત્યારે તેણીના પિતાએ સમાજની પત્રિકામાં ભોગ બનનારના બાયોડેટાની જાહેરાત આપી હતી. એક દિવસ એક માણસનો તેમના ઉપર લગ્ન માટે ફોન આવ્યો હતો જે વ્યક્તિએ પોતાનું નામ દીપક જૈન હોવાનું જણાવ્યું હતું. બાદ તેના ફેસબુક ઉપર ભોગ બનનારનો ફોટો મૂકી નીચે અશ્લીલ કોમેન્ટ લખી હતી. 'યે લડકી ઈતને રૂપિયે મેં પર નાઈટ કે લિયે અવેલેબલ હૈ.' આરોપીએ ભોગ બનનારને ફોન દ્વારા આ વાત જણાવી 'તેરા જીના હરામ કર દુંગા'ની ધમકી આપી હતી. આખરે ત્રાસીને ભોગ બનનારે વલસાડ રેલવે પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. જેમાં રેલવે કોર્ટે આરોપી દીપેશ શાંતિલાલ જૈનને ૧૮ મહિનાની સજા ફટકારી હતી.

## પાંચ વર્ષની બાળાને પીંખી નાખનાર નરાધમને અંતિમ શ્વાસ સુધીની સજા

**ધૂળેટીના** દિવસે કતારગામમાં ફૂટપાથ પર સૂતેલી માતાના પડખેથી બાળકીને ઉઠાવી ગયો હતો, બાળકીએ નરાધમને ઓળખી બતાવ્યો હતો

સુરતઃ કતારગામ ગજેરા સર્કલ પાસે શ્રમજીવી પરિવાર સાથે સૂતેલી પાંચ વર્ષની માસુમ બાળાને ઊઠાવી બાજુનાં ક્રિકેટનાં મેદાન પર લઈ જઘન્ય બળાત્કાર ગુજારનાર યુવકને સ્પેશિયલ પોકસો કોર્ટે જીવનનાં અંતિમ શ્વાસ સુધીની સજા ફટકારી હતી.

આ કેસની હકીકત મુજબ કતારગામ ગજેરા સર્કલ પાસે ફૂટપાથ પર રહેતા એક શ્રમજીવી પરિવારની પાંચ વર્ષની દીકરીને ધૂળેટીના દિવસે એક વર્ષ પહેલા નરાધમ યુવક અજય અશોક વર્મા (એમ્બ્રોડરી મશીનના ખાતામાં, જી.આઈ.ડી.સી., કતારગામ) આવી સૂતેલી બાળાને ઉઠાવી લઈ નજીક ક્રિકેટના મેદાનમાં લઈ જઈ બળાત્કાર ગુજાર્યો હતો. આ કેસમાં ભોગ બનનારની મેડિકલ તપાસમાં ગૃપ્તભાગે ઈજાના નિશાનો મળી આવ્યાં હતા. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ પોકસો કોર્ટમાં ચાલી હતી. કોર્ટમાં આ પાંચ વર્ષની માસૂમ બાળકીએ આરોપીને ઓળખી બતાવ્યો હતો. ફરિયાદ પક્ષે સરકારી વકીલ ઉમેશ પાટીલે કેસ પુરવાર કર્યો હતો.

### ભોગ બનનારનું ડાઇંગ ડેકલેરેશન લેવાયું હતું

ભોગ બનનારનું ડાઈંગ ડેકલેરેશન તરીકે નિવેદન લેવામાં આવ્યું હતું. જ્યારે બાળકી જીવિત છે, ત્યારે આ નિવેદન એવિડન્સ એકટની કલમ-૧૫૭ મુજબ સમર્થનકારી પુરાવા તરીકે વંચાણે લેવાનું રહે છે.

### પિડીતાને ગુપ્તભાગે ગંભીર ઈજા થઈ હતી

ભોગ બનનારની શારીરીક તપાસણી કરતાં તેના ગુપ્ત ભાગે હાયમન તાજું તૂટેલું હતું, ત્યાં માઇલ્ડ બ્લિડિંગ થયેલું હતું. પોસ્ટીરિયલ વજાઇનલ ૩ સે.મી. જે નીચે સુધી ફાટીને એનાઇલ્સ ફ્રિન્ટર સુધી ફાટેલી હતી. મેડિકલ ઓફિસરની જુબાની મુજબ ભોગ બનનાર સાથે બળજબરીપૂર્વક શારીરિક હુમલો થયો છે અને સાથે ભોગ બનનારને ગુપ્તાંગમાં સેકન્ડ ડિગ્રી પેરીનીયલ ટેયર હોવાનું જણાવ્યું હતું.

## વાઈબ્રન્ટ કોન્ફરન્સમાં મુખ્ય પ્રયોજક કેપી ગ્રુપ 4600 કરોડનું રોકાણ કરશે

**2024થી** 2026 દરમિયાન કેપી ગ્રુપે વાઈબ્રન્ટ ગુજરાત મારફતે 29000 કરોડનું રોકાણ કર્યું છેઃ ડો. ફારૂક પટેલ



સુરતઃ સુરતમાં આગામી તા.1-2 મેના રોજ યોજાનારી 'વાયબ્રન્ટ ગુજરાત રિજ્યોનલ કોન્ફરન્સ'માં મુખ્ય પ્રયોજક તરીકે કેપી ગ્રુપ જોડાયું છે. કેપી ગ્રુપના ચેરમેન-એમડી ડો. ફારુક પટેલે કહ્યું કે, 'આ વખતે વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ - સાઉથ ગુજરાતમાં, અમે ખાસ કરીને દક્ષિણ ગુજરાત માટે વધારાના રૂ .૪૬૦૦ કરોડનું મૂડી રોકાણ કરીશું. નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૧૨માં અમે રૂ. ૭૬૮ કરોડના એમઓયુ કમિટમેન્ટ કર્યા અને તેમાં સરકારના સહયોગ સાથે અમે વર્ષ ૨૦૨૪ સુધીમાં અમે કરેલા કમિટમેન્ટ કરતા ૧૦ ગણાથી વધુ ડિલિવર કર્યું છે. ૨૦૨૪ થી ૨૦૨૬ દરમિયાન, અમે વાઈબ્રન્ટ ગુજરાત મારફતે રૂ ૨૯,૦૦૦ કરોડથી વધુનું રોકાણ કમિટ કર્યું છે. ફારુક પટેલે કહ્યું હતું કે, 'વર્ષ ૧૯૯૨માં અમારી બિઝનેસ સફર માત્ર રૂ.૧ લાખથી શરૂ થઈ હતી અને આજે અમે રૂ .૨૦,૦૦૦ કરોડથી વધુ મૂલ્ય ધરાવતા ગ્રુપ તરીકે ઉભા છીએ. અમારી ત્રણ કંપની કેપીઆઈ ગ્રીન એનર્જી, કેપી એનર્જી અને કેપી ગ્રીન એન્જિનયરિંગ લિ. સ્ટોક માર્કેટમાં લિસ્ટેડ છે.આ પરિવર્તન માત્ર અમારી કહાની નથી. આ એક ગુજરાત સરકારની દષ્ટિવંત ઈકોસિસ્ટમથી શક્ય બન્યું છે. તેઓએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો દિલથી આભાર વ્યક્ત કરી કહ્યું હતું કે, 'તેઓની રિન્યુએબલ એનર્જી માટેની દષ્ટિએ ભારતને, ખાસ કરીને ગુજરાતને, ટકાઉ ઊર્જામાં અગ્રણી બનાવ્યું છે.

## સંક્ષિપ્ત સમાચાર

### શ્રી હરિ ઓમ ફ્રેન્ચ ક્લબ દ્વારા રવિવારે રક્તદાન અને ફ્રી રોગ નિદાન શિબિર

સુરતઃ સેવાકીય પ્રવૃત્તિઓને વરેલા શ્રી હરિઓમ ફ્રેન્ડસ ક્લબ દ્વારા તા.3 /5 /26 રવિવારે સવારે 7 થી 11 માટે વીર સાવરકર તરણ કુંડ,અ ડાજણ સુરત ખાતે રક્તદાન શિબિર સાથે વિનામૂલ્યે રોગ નિદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે. રક્તદાન શિબિર ઉપરાંત દાંતના રોગો, આંખની, ડાયાબિટીસની અને બ્લડ પ્રેશરની તપાસ વિનામૂલ્યે નિષ્ણાંત ડોક્ટર ટીમ દ્વારા કરી આપવામાં આવશે. દરેક સ્વૈચ્છિક રક્તદાતાઓને બેક પેક ટ્રાવેલિંગ બેગ પ્રોત્સાહન રૂપે અર્પણ કરવામાં આવશે. આ ક્લબ દ્વારા અકસ્માત કે માંદગી દરમિયાન દર્દી માટે ઘરમાં વપરાતા સાધનોની નિ:શુલ્ક સેવા પણ આપવામાં આવે છે.

### સુરત જિલ્લા એક્વેટિક એસોસિએશનના નવા હોદ્દેદારોની સર્વાનુમતે નિયુક્તિ

સુરત : સુરત જિલ્લા એક્વિટીક એસો.ની સામાન્ય સભામાં સુરત જિલ્લા એક્વેટિક એસો.ના નવા હોદ્દેદારોની સર્વાનુમતે નિયુક્તિ કરવામાં આવી હતી, જેમાં પ્રમુખપદે નવનીતભાઈ ડી સેલર, ઉપપ્રમુખપદે અનિલ સારંગ, મંત્રી પદે પરેશ સારંગ, સહમંત્રી તરીકે વિપુલ ભગવાગર (સેઈલર સ્પોર્ટ્સ ક્લબ), વ્યક્તિગત સભ્ય તરીકે ધર્મેશ ડી. સારંગ, ખજાનચી પદે વિજય ઈચ્છાપોરીયા તેમજ કો-ઓપ કરેલા સભ્ય તરીકે કૃતિકા કહાર અને કૃતિકા ધર્મેશ સારંગની નિમણૂક કરવામાં આવી હતી. સલાહકાર સમિતિમાં ધવલ સારંગ, કૃતિકા કહાર, બકુલ સારંગ, જયવદન સારંગ, લવાદ સમિતિમાં અનિલ સારંગ, કૃતિકા સારંગ, નવનીત સેલર, અનિલ ચિનાઈવાલા, પરેશ સારંગની નિમણૂક કરાઈ હતી.

### પરમાત્માના પ્રેમ કરતાં પણ પરિવારપ્રેમ એ મહત્ત્વનો : પદ્મદર્શનસૂરિજી



સુરત : મુંબઈ ભાયંદર (વેસ્ટ)ના ઈંદિરા કોમ્પલેક્ષમાં આચાર્યપ્રવર પૂ. પદ્મદર્શનસૂરિજી મહારાજના સંસારી વડીલબંધુ સૂર્યકાન્ત મંછાલાલ શાહના ત્યાં પગલાં અને પ્રવચન નિમિત્તે ઢોલ-નગારા સાથે ભવ્ય સામૈયું રાખવામાં આવ્યું હતું. જેમાં સુણતર સમાજનાં પરિવારજનો અને સ્વજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રવચન બાદ નવકારશીનો લાભ પૂજ્યશ્રીનાં પરિવારે હર્ષોલ્લાસ સાથે લીધો હતો. આ રૂડા અવસરે પૂ. આચાર્યપ્રવરશ્રી પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, સ્નેહ, સંગઠન અને સહકાર એ પરિવારની પહેચાન છે. પરમાત્માના પ્રેમ કરતાં પણ પરિવારપ્રેમ એ મહત્ત્વનો છે. પરિવારમાં એકબીજાને જોઈને હૈયું રોમાંચિત બનતું હોય તો સમજવું કે તમારો પરિવારપ્રેમ સાચો છે. પૈસા જેમ વધતા જાય છે તેમ પ્રેમ ઘટતો જાય છે. પરિવાર પૈસાથી મજબૂત બનતો નથી, પણ પ્રેમથી મજબૂત બને છે.

### વ્હાઇટ લોટસ ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ગૌશાળાની મુલાકાત



સુરતઃ 'મન્થ ઓફ કાઇન્ડનેસ'ની ભાવનાને આત્મસાત કરતાં વ્હાઇટ લોટસ ઇન્ટરનેશનલ સ્કૂલના નાનકડા વિદ્યાર્થીઓએ ગૌશાળાની એક વિશેષ શૈક્ષણિક મુલાકાત લીધી. આ પહેલનો મુખ્ય હેતુ વર્ગખંડમાં શીખવાતા મૂલ્યોને વાસ્તવિક જીવનના અનુભવો સાથે જોડવાનો હતો. ઉત્સાહ અને જિજ્ઞાસાથી ભરપૂર વિદ્યાર્થીઓએ ગાયોને ચારો ખવડાવવો, તેમના રહેઠાણનું નિરીક્ષણ કરવું જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. આ અનુભવો દ્વારા બાળકોમાં જવાબદારીની ભાવના, લાગણીસભર સમજણ અને પ્રકૃતિ સાથેનો જોડાણ વધુ મજબૂત બન્યો. શિક્ષકોએ સમગ્ર મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું અને સમજાવ્યું કે દયા માત્ર શબ્દોમાં સીમિત નથી, પરંતુ તેને પોતાના વર્તનમાં ઉતારવી જરૂરી છે, પછી તે પશુઓ પ્રત્યે હોય કે રોજિંદા જીવનમાં અન્ય લોકો સાથેના વ્યવહારમાં.

## એન્જિનમાં ખામી સર્જાતા સુરત એરપોર્ટ પર ચાર્ટર્ડ વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ

**મુંબઈથી** સુરત ઉડાન દરમિયાન વિમાનના ડાબા એન્જિનમાં ખામી સર્જાતા પાયલટ દ્વારા તાત્કાલિક ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી

**વિમાનમાં** માટે 2 પાયલટ સવાર હતા, મુંબઈથી સુરત વિમાન પાર્કિંગની સુવિધા જોવા આવ્યા હતા



સુરત : સુરત એરપોર્ટ પર આજે એક ચાર્ટર્ડ વિમાનની સફળ ઈમરજન્સી લેન્ડિંગ થતાં મોટી દુર્ઘટના ટળી હતી. મુંબઈથી સુરત આવી રહેલું VT-RJA નંબરનું ચાર્ટર્ડ વિમાન ટેક્નિકલ ખામીનો સામનો કરતા એર ટ્રાફિક કંટ્રોલ (ATC) દ્વારા તાત્કાલિક એલર્ટ જાહેર કરવામાં આવ્યું હતું.

માહિતી અનુસાર, વિમાન મુંબઈથી સવારે 10:52 વાગ્યે ઉડાન ભર્યું હતું. ઉડાન દરમિયાન વિમાનના ડાબા એન્જિનમાં ખામી સર્જાતા પાયલટ દ્વારા તાત્કાલિક ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી. આ અંગે ATC ને 11:22 વાગ્યે માહિતી આપવામાં આવી હતી.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત એરપોર્ટ પર CISF, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ સહિતની તમામ ઈમરજન્સી સેવાઓને તાત્કાલિક સ્ટેન્ડબાય પર મુકવામાં આવી હતી. તમામ એજન્સીઓએ ઝડપી પ્રતિસાદ આપતા સંકલન સાથે કામગીરી હાથ ધરી હતી. આ દરમ્યાન, વિમાને લગભગ 11:32 વાગ્યે સુરત એરપોર્ટ પર સફળતાપૂર્વક ઈમરજન્સી લેન્ડિંગ કર્યું હતું. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ કે નુકસાન થયું નથી. વિમાનમાં બે કેપ્ટન સવાર હતા અને બંને સંપૂર્ણપણે સલામત હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

માહિતી મુજબ, આ વિમાન અને તેના પાયલટ્સ સુરત એરપોર્ટની એરક્રાફ્ટ પાર્કિંગ સુવિધા નિહાળવા માટે આવી રહ્યા હતા. ઘટના બાદ એરપોર્ટ પર તણાવનો માહોલ સર્જાયો હતો, પરંતુ વિમાન સલામત ઉતરતા તમામ અધિકારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

## મહિનામાં પાંચથી પંદર લાખની ચેઈન સ્નેચ કરતા પીલુ ખાનને આઠ વર્ષની કેદ

**ચેઇન** સ્નેચિંગને આર્ટ ગણીને કામ કરનારા આ મહાઠગને જેલ સુધી પહોંચાડવા પોલીસને પરસેવો પડ્યો

સુરતઃ ચેઈન સ્નેચિંગ આમ સાંભળવું સામાન્ય છે, પરંતુ ચેઈન સ્નેચિંગ કરતી ગેંગ લાખો કરોડોમાં આળોટી રહી છે.

ચેઈન સ્નેચિંગમાં માસ્ટર ગણાતા પીરૂખાન (ઉ.વ.35) (રહે.,મૂળ નંદરબાર, હાલ રહે.,ઉન ભેસ્તાન) ને ઉધના પોલીસને પકડતાં પરસેવો પડી ગયો હતો. પરંતુ તે પકડાયા બાદ તેની લાઈફ સ્ટાઈલ જોઈને તથા સ્નેચિંગને આર્ટ ગણીને કામ કરનારા આ મહાઠગને જેલ સુધી ધકેલવા ઉધના પીઆઈ એસએન દેસાઈ અને તેની ટીમને ભારે પરસેવો પડ્યો હતો.

### પ્રથમ વખત ચેઇન સ્નેચરને આઠ વર્ષની સજા

પીરૂ ઉર્ફે બાબુ ઉર્ફે છપરી સાબીરખાન પઠાણ રહોસી ઉન પાટિયા, ઇમરાનગલીને ઉધના ખાતે હેમલતાબેન જોશીના ચેઇન સ્નેચિંગ કેસમાં આઠ વર્ષની સજા ફટકારવામાં આવી છે. તેમાં દસ હજારના દંડની સજા પણ ફટકારાઇ છે.

### જૂન-2024માં પીરૂને પોલીસે ટ્રેનમાંથી પકડ્યો હતો

પીરૂ ઉર્ફે બાબુ ઉર્ફે છપરી ઉધના ઉપરાંત વેસુ, લાલગેટ, ભાગળ જેવા વિસ્તારોમાં સિફતાઇથી ચેઇન સ્નેચિંગ કરતો હતો. તે આ ચેઇન સ્નેચિંગ એટલી સહજતાથી કરતો હતો કે પોલીસને તેને પકડવો કોયડો બની ગયો હતો. જૂન-2024માં પીરૂ ઉર્ફે બાબુને પોલીસે ટ્રેનમાંથી પકડી પાડ્યો હતો.

### પીરૂ મહિને બેથી દસ લાખનો ટાર્ગેટ રાખતો હતો

પીરૂ મહિને બેથી દસ લાખના સ્નેચિંગનો ટાર્ગેટ રાખતો હતો. જો મોટો દાવ હોય તો તે જામનગર તેની બહેનના ઘરે જઇને જે-તે જ્વેલરીની રોકડી કરતો હતો. બાદ તેની બહેન અહીં ઝૂપડાં અને મકાન ખરીદીને તેને ભાડે ચઢાવતી હતી.

### પીરૂ પાસે બે કરોડ હોવાની આશંકા

પીરૂ જેવા ચેઇન સ્નેચર પાસે લાખોની પ્રોપર્ટી અને મિલકત હોવાની સંભાવના છે. જામનગરમાં જ તેની દોઢ કરોડની પ્રોપર્ટી છે. તે ભાડે પટ્ટે ચઢાવી છે.

# સુરતમાં તાપમાન ઘટ્યું છતાં વધુ ભેજથી ઉકળાટ

**દક્ષિણ-**દક્ષિણ-પશ્ચિમ પવન સાથે ભેજ વધતા "ફીલ્સ લાઈક" ગરમી વધુ; મહત્તમ ૩૪.૨ અને લઘુત્તમ ૨૫.૮ ડિગ્રી નોંધાયું

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા અઠવાડિયાથી ગરમીનો પ્રકોપ યથાવત રહેતા લોકો પરેશાન બની ગયા છે. છેલ્લા ત્રણેક દિવસથી તાપમાનમાં થોડો ઘટાડો નોંધાઈ રહ્યો હોવા છતાં ગરમીમાં રાહત મળવાના બદલે બફારો અને ઉકળાટમાં વધારો થતાં નાગરિકો અકળાઈ ઉઠ્યા છે.

હવામાન વિભાગના આંકડા મુજબ, આજે શહેરનું મહત્તમ તાપમાન વધુ એક ડિગ્રી ઘટીને ૩૪.૨ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ ૦.૭ ડિગ્રી ઘટીને ૨૫.૮ ડિગ્રી પર આવી ગયું હતું. તાપમાનમાં ઘટાડો થવા છતાં હવામાં ભેજનું પ્રમાણ ૭૬ ટકા સુધી પહોંચતા વાતાવરણ ભીનાશભર્યું બની ગયું હતું. આ સાથે દક્ષિણ-દક્ષિણ-પશ્ચિમ દિશાથી આશરે ૧૨ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા ગરમીમાં રાહત મળવાની શક્યતા હોવા છતાં ભેજના કારણે "ફીલ્સ લાઈક" તાપમાન વધારે અનુભવાયું હતું. પરિણામે દિવસ દરમિયાન તેમજ સાંજના સમયે પણ ઉકળાટ યથાવત રહ્યો હતો.

ગરમી અને ભેજના સંયુક્ત પ્રભાવને કારણે શહેરના લોકો ખાસ કરીને બપોરના સમયે બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. આરોગ્ય નિષ્ણાતો દ્વારા પણ નાગરિકોને પૂરતું પાણી પીવાનું, હલકો આહાર લેવાનો અને તડકામાં બહાર જતાં સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી રહી છે.

હવામાન નિષ્ણાતોના અનુમાન મુજબ આગામી દિવસોમાં તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા ઓછી છે, પરંતુ ભેજનું પ્રમાણ ઊંચું રહેતાં ઉકળાટ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

### ઉનાળામાં મોર્નિંગ કોર્ટ સાથે ક્રિમિનલ કોર્ટમાં પણ વેકેશનની માંગ

સુરતઃ ઉનાળા દરમ્યાન મોર્નિંગ કોર્ટની માંગ સાથે સુરત જિલ્લા વકીલ મંડળે ક્રિમિનલ અદાલતોમાં પણ ઉનાળુ વેકેશન આપવા બાબતે ગુજરાત ચીફ જસ્ટીસને પત્ર પાઠવ્યો હતો. આ પત્રમાં રજૂઆત કરવામાં આવી છે કે સુરત શહેરમાં ઉનાળા દરમિયાન તાપમાન ખૂબ જ ઊંચું રહે છે. હાલ સુરતમાં સેશન્સ કોર્ટ, ફેમિલી કોર્ટ તેમજ સિવિલ અને સિનિયર સિવિલ અને જેએમએફસી કોર્ટોમાં રોજનાં આશરે પંદર હજારથી વીસ હજાર જેટલા પક્ષકારો અને વકીલોની અવરજવર રહેતી હોય છે અને જેને કારણે ઘણીવાર કોર્ટ રૂમમાં ઘણા પક્ષકાર અને વકીલો બીમાર પડતા હોય છે અને એમ્બ્યુલન્સ બોલાવવી પડતી હોય છે. જેથી કોર્ટ કામગીરીનો સમય સવારમાં રાખવામાં આવે તો પક્ષકારો અને વકીલોને આવા આકરા તાપથી રાહત મળે. તેમજ સુરત જિલ્લા વકીલ મંડળને ફાળવેલ વકીલોની બેઠક વ્યવસ્થા રૂમમાં એસીની સુવિધા નથી પરિણામે કાળજાળ ગરમીમાં વકીલો અને પક્ષકારોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. ખાસ કરીને સિનિયર ધારાશાસ્ત્રીઓ ગરમીને કારણે કોર્ટમાં આવી શકતા નથી આ પરિસ્થિતીને ધ્યાનમાં રાખી સિવિલ કોર્ટમાં વેકેશન સાથે ક્રિમિનલ કોર્ટમાં પણ વેકેશન આપવા વિનંતી સાથે સિનિયર વકીલો કોર્ટ સમક્ષ સમયસર હાજર ન રહી શકે અથવા આવી ન શકે તેવા સંજોગોમાં તેમના સાથી જૂનિયર વકીલ તરફથી કેસના જાણકાર વકીલની ગેરહાજરી બાબતે અરજી આપવામાં આવે તો તે સ્વીકારી જે તે સ્ટેજ પર કેસ રાખવા વિનંતી કરાઈ છે.

### હીટવેવને લઈ મનપાએ 1000થી વધુને શેલ્ટર હોમમાં ખસેડ્યા




સુરતઃ સુરત શહેરમાં વધી રહેલા તાપમાન અને હીટવેવની ગંભીર સ્થિતિને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકાનું તંત્ર સંપૂર્ણપણે સજ્જ બન્યું છે. યુસીડી વિભાગ દ્વારા માનવીય અભિગમ અપનાવી છેલ્લા ત્રણ અઠવાડિયામાં રસ્તા પર રહેતા 1050 થી વધુ નિરાશ્રીતોને સલામત રીતે શેલ્ટર હોમમાં ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત, શહેર વિકાસ વિભાગ દ્વારા 540 જેટલી નાની-મોટી બાંધકામ સાઇટો પર શ્રમિકો માટે પીવાના પાણીની ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. શહેરના તમામ 80 યુએસસી, 9 યુસીએચસી, સ્મીમેર અને મસ્કતી હોસ્પિટલમાં હીટ સંબંધી બીમારીઓ માટે અલાયદા બે બેડ અને પાણીના ટબ જેવી ઈમરજન્સી સુવિધાઓ તૈયાર રાખવામાં આવી છે. વાહનચાલકોને રાહત આપવા માટે 24 મુખ્ય ટ્રાફિક જંકશનો પર ગ્રીન શેડ નેટ લગાવવામાં આવી છે, જ્યારે બીઆરટીએસ અને સીટીલિંકના 158 સ્ટેશનો પર ORS અને પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે.